॥ શ્રી ॥

# પાટડીપુર પ્રવેશ મહોત્સવ

શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી
ભ્રાતૃચંદ્ર સુરીશ્વર પાટડીપુરમા પધાર્યાં
તે પ્રસંગનો અઠ્ઠાઇમહોત્સવ.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,
શ્રી પાટડીના મહાજન તરફથી,
મુમુક્ષુ શ્રી નારાયણચંદ્રજી

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમા શા ચુનીલાલ
અમશાજીના છાપ્યા રીચીરોડ—અમદાવાદ

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

અમુલ્ય

## બે બોલ.

આચાર્ય મહારાજ શ્રી ભ્રાતૃચંદ્ર સુરિરાજે સવંત ૧૯૬૮ની સાલનુ ચોમાસુ શ્રી માંડળમા કર્યું હતુ ત્યાથી વિહાર કરી ભાવિક શ્રાવકોની સાથે વડગામ પધાર્યા ત્યાના શ્રાવકોએ સાધર્મિક વાત્સલ્ય કરી સારો લ્હાવો લીધો હતો, ત્યાથી શ્રી સંખેશ્વર પ્રભુના દર્શન કરી દસાડ પધાર્યા ત્યાના શ્રાવકોએ પણ અઠ્ઠાઈમહોત્સવ વિગર કરી સારો લાભ લીધો.

ત્યાથી આચાર્ય શ્રી પાટડી શહેરમા પધાર્યા તે પ્રસંગે અહીના ભાવિક શ્રાવકોએ અઠ્ઠાઈમહોત્સવ મંડપ રચના કરી સારો લ્હાવો લીધેલ છે, અને વળી તે પ્રસંગ પુજ્ય સૂરિશ્વરજીને વંદન નિમિત્ત રાજનગરથી શ્રી સંઘ સાથે કવિવર સાંકલચંદ પીતાંબરદાસ પધારેલા હતા, અને તેમણે સ્તુતિઓ કરેલી હતી અને સુરિરાજની પાસે વિદ્યાધ્યયન કર્ત્તા શ્રી નારાયણચંદ્રજીએ પણ સ્તુતિઓ કરેલી હતી તે વિગેરેનો સંગ્રહ કરી અમોએ આ લઘુ પુસ્તકમા પ્રસિદ્ધ કરેલ છે તે વાંચી ગુણીજનોને આનંદ થશે.

લી. પ્રસિદ્ધ કર્ત્તા.

## સૂરીશ્વર શ્રીમાન ભ્રાતૃચંદ્રાચાર્યના
## પાટડીપુર પ્રવેશ સમયના
# સામૈયાનું વર્ણન.

અલબેલીરે અમે માત જોવાને જઈએ એ રાગ

દીન સફળઘડી પળ આજ, ગુરૂજી પધાર્યા છે,
આજ પુર પ્રવેશ સૂરિરાજ, કાજ સુધાર્યાં છે
ભ્રાતૃચદ્રસૂરિરાજપધાર્યા આનન્દબાલગોપાલરે,
પાટડીપુરમા આજદીવાળી,ઘરઘર મંગળમાળ
॥ ગુ ૧ ॥

ઘરઘર તરીયાતોરણ શોભે, ઉડે ધ્વજ આકાશરે,
બીચબીચ મુક્તાફળની શ્રેણી, માનુ જ્યોતીપકાશ
॥ ગુ. ૨ ॥

ઠામ ઠામ મંડપની રચના, જાણું દેવવિમાનરે,

સામૈયું કરી અતી ઉછરંગે, સંઘે કર્યું સન્માન.
॥ ગુ. ૩ ॥
વાજાં વાજે અંબર ગાજે, નોબતને નીશાનરે;
અલબેલા સાબેલા હયપર, ચઢીયા દેવ સમાન.
॥ ગુ. ૪ ॥
આજ પ્રભાતે પ્રભા સૂરિની, સૂરથી સ્પર્ધા કરતીરે;
ચિંતે ભાનુ હું નભવાસી, આ સૂર ઉગ્યો ધરતી.
॥ ગુ. ૫ ॥
ગુરૂમુખ જોતી વધાવતી મોતી, બાળા ગુણુ મણી
માળારે;
સાજન માઝન સાથે ચાલે, મંગળ બોલે બાળા.
॥ ગુ. ૬ ॥
રાજહંસ સૂરીશ્વર અગ્રેસર,જ્ઞાનધ્યાનમાં મહાલેરે;
ઉપયોગે પદકજથી ભુતળ, પાવન કરતા ચાલે.
॥ ગુ. ૭ ॥
રાજમાર્ગ સંકીર્ણ થયાબહુ, મળ્યા લોકના થોકરે,

ગુરૂમુખ જોવા જન કંઇ ચઢીયા, માળ અટારા ગોખ.
॥ ગુ. ૮ ॥

આજમહોદય સફળ મનોરથ, પુરવનાં પુણ્યજાગ્યાંરે,
પાટડીપુરમાં ગુરૂજી પધાર્યા, પાપ મેવાશી ભાગ્યા;
॥ ગુ ૯ ॥

તત્વવીણા ગુરૂજ્ઞાનની વાગી, ભારતભૂમિ નિરધારરે.
શાંત સુધારસ ધર્મદેશના, સુણે ભવિક નરનાર.
॥ ગુ. ૧૦ ॥

ગુરૂગુણ ગંગાજળને ઝીલી, સીંચો ભવિ ગુણવાડીરે;
અનુભવ પુષ્પખીલે ઉરજામે, સમકીત સુરતરૂ હાડી.
॥ ગુ. ૧૧ ॥

મુકુટમણીશ્રી સંઘ તિલકગુરૂ, સભાસરસ્વતિ તાજરે;
સંઘસમુદ્રમાં સંપનીભરતી, ભરજો કલાનિધિ આજ.
॥ ગુ. ૧૨ ॥

વિનય વિવેકને વિદ્યા વધશે, શ્રદ્ધાને સમકિતરે;
કલેશ કુસંપ જશે જડમૂળથી, જશે રોગ ઇતભીત્ત;
॥ ગુ. ૧૩ ॥

સદ્ગુરૂ રાજ પ્રભાવે થાશે, સઘમાં મ ગળમાળારે;
સપ જપ સમૃદ્ધિ સાંકળચંદ, થાશે લીલાદિશાળ
॥ ગુ. ૧૪ ॥

---

ઉપર પ્રમાણે સામૈયુ કરી શ્રી સુરીશ્વરને પુરપ્રવેશ કરાવ્યો, અને વાજતે ગાજતે ઘણાજ આડબર સહીત શ્રી સઘની સાથે શિષ્ય વર્ગ સમેત પ્રથમ શ્રી પાટડીપુર મંડન દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથજીના મદીરમાં પધાર્યા ત્યાં ત્રીભુવનનાયકશ્રીના દર્શન થતાં સુરીશ્વરજી અને શ્રી સઘને અતિ પ્રમોદ થયો, અને હર્ષથી રોમાંચ ખડાં થયાં તે સમયે પુલકીત મને શ્રી સૂરીશ્વરજીએ ચૈત્યવંદન કર્યુ તે નીચે પ્રમાણેઃ—

૭

## શ્રી પાર્શ્વજીન ચૈત્યવંદન

---

પ્રેમે પ્રણમું પ્રહસમે, પાર્શ્વ જિનેશ્વર દેવ;
મૂરતિ શાંતિ દાયિની, અહનિશ કરૂં તસ સેવ ૧
શાંતસુધારસ ઝીલતી, મુદ્રા મોહનગારી,
આણ વહુ પ્રભુ તાહરી, કર ભવજલ પારી ૨
તુજ મૂરતી મન રતિ કરે, શાસ્વતા સુખની એહ;
અશ્વસેન વામા કુળે, નભમણી ગુણમણી ગેહ. ૩
જગચિન્તામણી જગગુરૂ, જગબંધવ જગભાણ;
સેવક ઉદ્ધરી આપનો, કરજો આપ સમાન ૪
સાયર દેખી ચંદ્રને, ભરતિ કરી મકલાય;
સહજકલાનિધિ આપને, નિરખિ ચિત્ત હરખાય.

---

રાગ સારગ.

નમો નમો પાર્શ્વનાથ પડવીર, ધર્મ ધુરંધર ધીર;ન.
ધ્યાન સમે કમઠે વરસાવ્યું, મુશળધારે નીર, ન.

ભક્તિભર ધરણેંદ્રે આવી, છત્ર ધર્યું પ્રભુ સીર; ન.
રોશતોષનહિકમઠધરણપે, સમભાવેરહ્યા સ્થિર ન.
અશરણશરણતરણતારણપ્રભુ,સાગરસમગંભીર,ન.
ભવિભવ ભાવટ વારક તારક, પાપ પંક હર નીર, ન.
તે પ્રભુજીનું પાટડીમાં શુભ,મનહરજિન મંદિર. ન.
નલીનિગુલ્મવૈમાનઉતરીયું,અવનિતળપરસ્થિર.ન.
પાર્શ્વજિનમંડળગુણગાવે, સાંકળચંદ નમીશીર ન.

## શ્રી પાર્શ્વજીન સ્તવન.

તેવિસમાજિનરાય, પાર્શ્વપ્રભુ તેવિસમાજિનરાય;
અશ્વસેન તાત વામાદેવી માતા,
પાટડી પુરને માંય. ॥ પા. ॥
પોષ વદિ દશમિ દિન જાયા,
તું તારણ સુખદાય ॥ પા. ૧ ॥

કમઠ વિડારણ નાગકું તારણ,
હિયો ધરણેન્દ્ર બનાય. ॥ પા. ॥
ચોશઠ ઇન્દ્ર કરે તુમ સેવા,
સર્વે મંગલ ગાય. ॥ પા ૨ ॥
ચોત્રીસ અતિશય કરી પ્રભુ રાજે,
કેવલનાણ જેઃપાય. ॥ પા ॥
અષ્ટ કરમકો દૂર હઠાને,
સમેતશિખરપે જાય. ॥ પા. ૩ ॥
પાટડીપુરમેં સુરિશ્વર પધારે,
મંડપ રચના થાય. ॥ પા. ॥
નારાયણચન્દ્ર કરજોડી વિનવે,
હું વંદુ તોરા પાય. ॥ પા. ૪ ॥

---

## શ્રી પાર્શ્વજીન સ્તવન.

મુરતિમોહનગારી, પાર્શ્વપ્રભુ મુરતિમોહનગારી.
॥ એ ટેર. ॥

અશ્વસેન વામાજીકે નંદન,પાટડી પુર મઝારીરે,પા.
પોષવદિ દશમિદિન જાયો,મંગલગાય દિગ્કુમારી.
॥ રે, પા. ૧ ॥

ચોશઠઇન્દ્રકરેજસસેવા સબજગેજયજયકારીરે પા.
દિક્ષા લે પ્રભુ કેવલ પાયો, ભવ્ય જીવ ઊદ્ધારી.
॥ રે, પા ૨ ॥

અષ્ટકરમકોદૃરહઠાયો,સમેતશિખરજીપધારીરે પા.
આવાગમનનિવારકતું પ્રભુ, મુક્તિરમણીકરીપ્યારી.
॥ રે. પા. ૩ ॥

પાટડીપુરમેંસુરિજીપધારે, વરતેમંગલચારીરે પા.
શ્રી ભ્રાતૃચંદ્રસુરિમહારાજા,ભેટયામેં આનન્દકારી.
॥ રે, પા ૪ ॥

જૈસેઆપમુક્તિપેસિધાયે,વૈસેં અરજીસ્વીકારીરે,પા.
કહત નાગાયણચન્દ્ર પ્રભુજી, લ્યો ભવસાગર તારી.
॥ રે. પા. ૫ ॥

---

श्री.

# श्री सिद्धाचल चैत्यवन्दनम्.

श्री सिद्धाचल राजेन्द्र !
नतदेवेन्द्र ! मोक्षद !
प्रणमामि शरण्य ! त्वां
जिनेन्द्र ! सौख्य दायक ! १

संसारेऽहं चिरं भ्रान्तो,
भवतो दर्शनं विना;
घनकष्टं हि संप्राप्तो,
जन्म मृत्यु समुद्भवम्. २

दर्शनं तेऽत्र संप्राप्तो,
घन कष्ट विनाशकम्;

ईशाऽऽज्ञां मस्तके नाह,
वहिष्ये शर्मदां मुदा. ३

## ગુરૂ સ્તુતિ.

સુંદર શામળીયા—એ રાગ.

સૂરિશ્વર ગુણુ દરીયા, ભ્રાતૃચંદ્ર ગુરૂરાજ
જ્ઞાનાદિ રયણુભરીયા, ભેટ્યા પાટડીમાંજ સૂ ટક.
પાટડીમાં સૂરિરાજ પધાર્યા,
આજ મહોદય હર્ષ વધાર્યા;
આગમ તત્વવીણા ધ્વનિ દ્વારા,
ભવોદધિથી ભવીજનને તાર્યા.
સદ્‌ગુરૂ ભવોદદિ ઝાઝ. સૂરિશ્વર. ૧
ગુરૂ સ્વાગતનો મ્હોત્સવ કીધો,

પાટડી મહાજને લ્હાવો લીધો;
અમૃતરસ પ્યાલો શુભ પીધો,
જિનશાસનનો ડંકો દીધો.
ગુરૂ ભવિજન શીરતાજ. સુરિશ્વર ૨

છત્રીશ ગુણ સૂરિરાજમાં છાજે,
જિનશાસન વન સિંહસમ ગાજે;
ચરણ કરણ વૃતધારક રાજે,
નિર્મમ ને નિગ્રન્થ દિવાજે.
સ્વપર સુધાર્યાં કાજ. સૂરીશ્વર. ૩

ગુરૂ ગુણ ગાયા અતિ આનંદે,
પાટડી મા'જન ભવિજન વૃંદે;
પાર્શ્વપ્રભુમંડલ નિત્ય વંદે,
ગુરૂગુણ ગાયા સાંકલચંદે.
જય જય જૈન સમાજ. સુરીશ્વર. ૪

# ગુરૂ સ્તુતિ.

---

મુકંદ ચાંદ દરશનકા, નિહારોગે તો કયા હોગા

સુનો શ્રી ભ્રાતૃચંદ્ર સૂરિરાજ,
આયે હમ વંદના કરને,
સુની હૈ આપકી મહિમા,
ધર્મકે ધોરી જયો હૈ આપ સુ ૧

આચાર્ય મહારાજકે જયો ગુણ,
છત્રીસ કહે જયો જાતે હૈ;
પંચઇન્દ્રિય જીતિ હૈ,
નવ બ્રહ્મચર્ય ધારિ હૈ. સુ ૨

કષાયા ચાર જીતિ હૈ,
પંચ મહાવ્રત ધારીહૈ;
પંચાચાર પાલનેમેં પંચ,
સમિતી તીન ગુપ્તિહૈ. સુ. ૩

એહી છત્રીસ ગુણ જયોહે,
　　સૂરીશ્વર આપકે અદર;
વાણિ હૈ આપકી એસી,
　　જૈસે અમૃતકા મેહ વરસા. સુ ૪
એહી વાણી જયોં અચ્છીહૈ,
　　સભીકો પ્રેમ કરતીહૈ;
નારાયણચન્દ્ર સ્તુતિ કહતા,
　　વન્દના શ્રી સંઘકી જયો હૈ. સુ ૫

ઇતિ ગુરૂ સ્તુતિ.

## ગુંહળી.

પીતળ લોટા જળે ભર્યારે—એ રાગ.

જિનશાસન અજવાળવારે, કરવા સંઘ સંભાળરે;
સૂરિશ્વર રાજનગરમા પધારજોરે.—ટેક.

રાજનગરમાં પધારતારે, વરતાશે મંગળમાળરે.સુ.
ગુણદરિયા ભરિયાભલારે, જ્ઞાનરયણ ધરનારરે સુ.
દેહધારી મુર્તિ ઘડીરે, ધર્મની ધર્માવતારરે. સુ.
નરનારી પ્રતિબોધીયારે,પરિશ્રમ વેઠી અથાગરે સુ.
જ્ઞાનજળે સીંચ્યો સદારે, સભાસરસ્વતી બાગરે.સુ.
ગુરૂમુખવાણીવૃષાવિનારે,કરમાયબાગમહાભાગરે૰
ભારતીસભાબ્ધિમાભલીરે, ભરતીકરણઉલ્લાસરે.સુ
સહજકલાનીધિસાહુઓરે,મોહતિમીરહરજાસરે.
બાલૂચંદ્રસૂરિ વિનવેરે,સભા સરસ્વતીઆજરે. સુ
વહેલાઆપપધારજોરે,સાંકળચંદશીરતાજરે. સુ